# એલ. એન. કે. કોલેજ ઓફ એજ્યુકેશન (સી.ટી.ઈ.), પાટણ
## "Nayi Chetna 3.0 Gender Based Violence" Report

ગ્રામીણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રાયોજિત **નયી ચેતના 3.0 જે જાતિ આધારિત હિંસા અને ભેદભાવ વિરુદ્ધ જાગૃતિ** ફેલાવવાના ઉદ્દેશ્યથી દીનદયાળ અંત્યોદય યોજના અંતર્ગત તમામ શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન એલ. એન. કે. કૉલેજ ઑફ ઍજ્યુકેશન (સી.ટી.ઈ.) પાટણમાં તા. ૨૦/૧૨/૨૦૨૪ના રોજ નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડો. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સરના માર્ગદર્શન હેઠળ આચાર્યશ્રી ડો. ગંગારામભાઈ પ્રજાપતિની દોરવણી હેઠળ અધ્યાપકશ્રી ડો. પ્રજ્ઞેશકુમાર એન. પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું. બોર્ડ વર્કનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બોર્ડ વર્ક કાર્યક્રમમાં સેમ ૧ના ૯ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. તા. ૨૧/૧૨/૨૦૨૪ નિબંધ લેખન અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધ લેખનમાં ૧૫ પ્રશિક્ષણાર્થીઓએ તથા ચિત્ર સ્પર્ધામાં ૪ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રી ડો. જી. કે. ચૌહાણ, ડો. કે. એસ. દુબે તથા ડો. બી. બી. બેન્કર હાજર રહ્યા હતા. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ચૌધરી રક્ષા, દ્વિતીય ક્રમાંકે જયનીક પંચાલ અને તૃતીય ક્રમાંકે રીન્કલ ઠાકોર વિજેતા રહ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સંસ્થાના અધ્યાપકશ્રી ડો. એન. બી. ગજ્જર તથા ડો. એમ. ટી. પટેલ હાજર રહ્યા હતા. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે ભાર્ગવી ચાવડા અને દ્વિતીય ક્રમાંકે રાજલ સથવારા વિજેતા બન્યા હતા. NGESના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર ડો. જે. એચ. પંચોલી સર અને CDO પ્રો. જય ધ્રુવ સર દ્વારા વિજેતા પ્રશિક્ષણાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભેચ્છા આપી હતી. આચાર્યશ્રી ગંગારામ પ્રજાપતિના નેતૃત્વ હેઠળ કોલેજ પ્રવૃત્તિના કો-ઓર્ડીનેટરશ્રી ડૉ. પ્રજ્ઞેશકુમાર એન. પંચાલના આયોજન આ બંને દિવસની પ્રવૃત્તિ ખૂબ જ સફળતાપૂર્વક અને હકારાત્મક અભિગમ સાથે સંપન્ન થઇ હતી.